ગાંધીનગર સમાચાર

સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગના અભાવે રહીશો તોબા-તોબા

# સ્ક્રબ ટાયફર્સ રોગ વિશે સરકારે અહેવાલ માંગ્યો

## તાવના મળેલા બે દર્દીના નમૂના તપાસ માટે દિલ્હી મોકલવામાં આવશે : બે પશુના લોહીના નમૂના પણ લેવાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાંથી મળી આવેલા સ્ક્રબ ટાયફર્સના બે શંકાસ્પદ કેસ અને બન્ને દર્દીઓના મોતને પગલે આજે રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ વિગતવાર અહેવાલ માંગતા રાજ્યનું તંત્ર હરકતમાં આવ્યું છે.

આજે જિલ્લા આરોગ્ય તંત્રએ આ મળી આવેલા બે કેસોની કેસ હિસ્ટ્રી સહિત જિલ્લા કક્ષાએ લેવાયેલા પગલાંઓ સાથેનો વિગતવાર અહેવાલ મોકલી આપ્યો છે.

ગઈકાલે મળેલા બે શકમંદ તાવના દર્દીઓના લોહીના નમૂના દિલ્હી લેબોરેટરીમાં તપાસ માટે લેવાયા હોવાનું પણ આ અહેવાલમાં જણાવાયુ છે. આ ઉપરાંત આ રોગ પશુપાલનને લઈ પણ થઈ શકતો હોવાની સંભાવનાને પગલે બે પશુઓના લોહીના નમૂના લઈ ઈતરડી વિરોધી દવાના કરાયેલા છંટકાવની વિગતો પણ અહેવાલમાં સમાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના વાસણ ગામેથી આ રોગના બે શંકાસ્પદ દર્દી મળી આવ્યા હતા. મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ટીમે પણ વાસણ ગામની મુલાકાત લીધી છે. આ બનાવને પગલે આરોગ્ય તંત્રએ પણ પશુપાલન વિભાગનો સંપર્ક કરી પશુપાલકોમાં જાગૃતિ આવે તે માટે અલગથી અભિયાન શરૂ કરવા માટે પણ સૂચવ્યુ છે.

જિલ્લાતંત્ર દ્વારા વાસણ ગામે ગઈકાલથી જ ઓપીડી શરૂ કરી દેવામાં આવી છે. આ ઓપીડી પાંચ દિવસ સુધી કાર્યરત રહેશે. જો કે કોઈ નવા દર્દી કે શકમંદ દર્દીઓ મળ્યા નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૭

આજે ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક બપોરે ૩.૩૦ કલાકે સ્થાયી સમિતિના મિટીંગ રૂમમાં મળશે.

ગાંધીનગર શહેરમાં ઘેરી બની રહેલી રખડતા પશુઓની સમસ્યાના ઉકેલ માટે આજની બેઠકમાં ઢોરવાડો બનાવવા માટેની જોગવાઈ કરવા ઉપરાંત તે અંગેનું ટેન્ડર ઈસ્યુ કરવા માટેનો નિર્ણય લેવામાં આવશે.

આજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મનપાને ફાળવવામાં આવેલ બગીચાઓમાં કમ્પાઉન્ડ વોલ બનાવવા ઉપરાંત અન્ય પણ બે થી ત્રણ મુદ્દાઓ પર નિર્ણય લેવામાં આવશે.

શહેરમાં રખડતા પશુઓની સમસ્યાના કાયમી ઉકેલની દિશામાં હવે તંત્ર પગલાં ભરશે તેમ મનાઈ રહ્યુ છે. આ રખડતા પશુઓ ચ-ઘ-છ-જ-ક અને ખ-રોડ પર મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે તેમજ સેક્ટરોના આંતરિક માર્ગો પર પણ તે મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા હોવાથી હવે તંત્રને હરકતમાં આવવાની ફરજ પડી છે.



બોલ મારી અંબે... જય જય અંબે... - જયઅંબે પરિવારના ૨૮મો પદયાત્રા સંઘનું આજે ઉત્સાહભર્યા વાતાવરણમાં પ્રસ્થાન થયું હતું... સેક્ટર-૧૩ જયઅંબે ચોકમાં પૂજન-અર્ચન બાદ આરંભાયેલ પદયાત્રામાં ભાવિકો ઉલ્લાસપૂર્વક માતાજીના ગુણગાન ગાતા-ગાતા શક્તિપીઠ અંબાજી જવા રવાના થયા હતા... બોલ મારી અંબે, જય જય અંબેના જયઘોષ સાથે આરંભાયેલ સંઘ મોડી સાંજે વાસણીયા મહાદેવ પહોંચ્યો હતો...

# અંદાજપત્રમાં બિન યોજનાકીય ખર્ચની અલગથી ફાળવણી નહિ કરાય

## અંદાજપત્ર તૈયાર કરવાની કેન્દ્ર સરકારની નવી માર્ગદર્શક સૂચનાઓના અમલ માટે ગુજરાત તૈયાર

ગાંધીનગર, તા. ૭

રાજ્યમાં નાણાંકીય શિસ્તના પુનઃ સ્થાપન માટે તેમજ ટીકાકારોના મોં બંધ કરવા માટે હવે રાજ્યનું અંદાજપત્ર તૈયાર કરવાની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરવાનો મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ નિર્ણય ભારત સરકારના નાણાં મંત્રાલયની સીધી સૂચનાથી લેવામાં આવ્યો છે.

નાણાં વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે હવે ૨૦૧૭-૧૮ના વર્ષનું અંદાજપત્ર આ નવા નિયમ પ્રમાણે તૈયાર કરવામાં આવશે. રાજ્ય સરકારે હવે યોજનાકીય અને બિનયોજનાકીય ખર્ચ જે અલગ-અલગ દર્શાવાતા હતા તેને બદલે હવે યોજનાકીય ખર્ચ તરીકે જ દર્શાવવામાં આવશે.

બિન યોજનાકીય ખર્ચના વધતા જતા ભારણને છુપાવવા માટે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને પગલે ટીકાકારોના મોંઢા પણ બંધ કરી દેવામાં આવશે. રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો પ્રમાણે ભારત સરકાર પણ હવે રાજ્યો તરફથી વધુ નાણાં ફાળવવાની માંગથી તંગ આવી ગઈ છે અને વિકાસ માટે પણ જરૂરી ફંડ ફાળવવુ અઘરૂ પડી રહ્યુ છે ત્યારે બિન યોજનાકીય ખર્ચ પર લગામ લગાવવા માટે બધુ એકજમાં દર્શાવવુ તેવી તાકીદ કરી છે.

નાણાં વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ નિર્ણયને પગલે રાજ્યની વાર્ષિક યોજનાનુ કદ વધી જશે. રાજ્યોની વાર્ષિક યોજનાની મંજૂરી તો કેન્દ્ર પાસેથી મેળવવાની રહેશે જ તેમાં હજુ સુધી ફેરફાર કરાયો નથી.

અંદાજપત્રમાં યોજનાઓની જોગવાઈ માટે જે રકમ હજારમાં દર્શાવવામાં આવતી હતી તે હવે લાખમાં દર્શાવવામાં આવશે.

નાણાંકીય શિસ્તના પુનઃ સ્થાપનની તરફેણમાં દલીલો કરતાં આર્થિક નિષ્ણાતો જણાવે છે કે બજેટના પ્રકાશનો જે મોટા મોટા છપાતા હતા તેમાં ફેરફાર થશે અને કરકસરનો અમલ આનાથી આરંભ થશે.

આ ઉપરાંત ભારત સરકારના ઓડિટર જનરલ દ્વારા થતી ટીકાઓના પ્રમાણમાં ઘટાડો થશે એટલુ જ નહિ બિન યોજનાકીય ખર્ચ કેટલો કરવામાં આવ્યો તેની વિગતો લોકો સુધી રાજકીય આગેવાનો સુધી પણ પુરેપુરી પહોંચી શકશે નહિ.

નાણાંકીય શિસ્તમાં હવે કરેલી જોગવાઈનો ખર્ચ નહિ કરાય તો યોજના પડતી મુકવામાં આવી છે તે સ્પષ્ટ થઈ જશે એટલુ જ નહિ યોજના એક વર્ષ, બે વર્ષ કે ત્રણ વર્ષમાં પૂર્ણ થશે તે પણ સ્પષ્ટ રીતે દર્શાવવાનું રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર આર.ટી. ઓ. કચેરી રામભરોસે ચાલે છે

## ચાર્જના અધિકારીઓ પણ ૨૦ દિવસથી ગેરહાજર ગાંધીનગરની કચેરીનો વહીવટ વાયા અમદાવાદથી કરવાની નોબત : હાઇટેક કહેવાતી આર ટી ઓ કચેરીનો વહીવટ ખાડે જતા અરજદારો ત્રાહીમામ

ગાંધીનગર તા ૭

આર ટી ઓ કચેરીમાં છેલ્લા બે વર્ષથી પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કાયમી નિમણુંક થઈ નથી જયારે છેલ્લા ૨૦ દિવસથી ચાર્જના અધિકારીઓ પણ રજા પર ઉતરી જતા આર ટી ઓ કચેરીનો વહીવટ ખાડે ગયો છે.

નગરની હાઈટેક આર ટી ઓ કચેરીનો વહીવટ છેલ્લા ઘણાં સમયથી ખાડે ગયો છે. પેપરલેસ આર ટી ઓ કચેરી અસ્તિત્વમાં આવતા અરજદારોની હાલાકીનો અંત આવશે તેવી આશા નગરજનોમાં બંધાઈ હતી. પરંતુ છેલ્લા ઘણાં સમયથી સતત ચાર્જમાં રહેતા તંત્ર અને વારંવાર સૂજાતી ટેકનિકલ ખામીઓના લીધે અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. હાઈટેક આર ટી ઓ કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તે માટે ઓન લાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ અમલી બનાવાઈ હોવાના બણગા ફુંકવામાં આવે છે. પરંતુ અરજદારોની હાલાકીનો અંત આવ્યો નથી.આર સી બુકના કેસો પણ મોટી સંખ્યામાં પેન્ડીંગ છે. જયારે આર ટી ઓ કચેરીમાં પ્રવેશતા જ મુલાકાતીઓએ સમસ્યાનો સામનો કરવો પડે તેવી

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગના અભાવે રહીશો તોબા-તોબા

## નમી પડેલા વૃક્ષો દુર કરવા પણ માંગણી : સેક્ટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટના પાલ્સને આડશ બનેલી વૃક્ષોની ડાળીઓ રહીશો માટે સમસ્યારૂપ

ગાંધીનગર તા ૭

વરસાદના લાંબા વિરામ બાદ સેકટરોમાં વરસાદી સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. જયારે હરિયાળી વનરાજીથી ઘેરાયેલા નગરમાં વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ ન થતા સેકટરવાસીઓ માટે નમી પડેલી વૃક્ષોની ડાળીઓ હાલાકી કારણ બની છે. શહેરના મુખ્ય ચ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં ટ્રીમીંગ કરી દેવાયુ છે. પરંતુ ચ માર્ગ પર માર્ગ વચાળેના ડિવાઈડરમાં આડશ બનેલી ડાળીઓ વાહનચાલકો માટે અડચણરૂપ બની રહી છે. વાહનચાલકોને આડશ બનેલા રોપાઓની ડાળીઓના લીધે યોગ્ય વિઝન મળતુ નથી. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર વૃક્ષોની નમી પડેલી ડાળીઓ ભયજનક હાલતમાં છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ એપ્રોચ રસ્તા પર વૃક્ષોનુ ટ્રીમીંગ ન થતા ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટના પોલ્સ માટે પણ નમી પડેલી ડાળીઓ આડશ બની છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજથી કોંગ્રેસની પંચાયતી રાજ અંગેની વિશેષ કાર્યશાળા

## ગ્રામભરતી નજીકના એક ખાનગી રિસોર્ટ પરની આ શાળામાં પ્રદેશ નેતાઓ તેમજ કેન્દ્રીય મહારથીઓ પણ હાજરી આપશે

ગાંધીનગર, તા. ૭

આજથી કોંગ્રેસના જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેનો તેમજ શહેર-જિલ્લા સંગઠનના હોદ્દેદારોની એક દ્વિદિવસીય કાર્યશાળા ગાંધીનગર જિલ્લાના ગ્રામભારતી નજીકના ખાનગી રિસોર્ટ ખાતે શરૂ થઈ રહી છે.

આ દ્વિ દિવસીય કાર્યશાળામાં મનપાના પક્ષના નેતાઓ પણ સામેલ હશે. આ કાર્યશાળામાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા તેમજ પ્રદેશ પ્રભારી ગુરૂદાસ કામત અને ઓલ ઈન્ડિયા કોંગ્રેસના પંચાયતી રાજ સેલના કન્વીનર ખાસ ઉપસ્થિત રહેનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રદેશ સમિતિ દ્વારા આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પંચાયતી રાજ વ્યવસ્થાપનમાં સુધારાત્મક પગલાંઓ, વહીવટીય કૌશલ્ય ઉપરાંત વિકાસ કાર્યો માટેની જોગવાઈઓ સહિતના મુદ્દાઓ ઉપરાંત નવસર્જન-૨૦૧૭ અંતર્ગત ચર્ચાઓ થશે.

આ કાર્યશાળાને લઈ પ્રદેશ સમિતિ દ્વારા વિશેષ સાહિત્ય પણ તૈયાર કરવામાં આવ્યુ છે. આ કાર્યશાળામાં હવે પછી યોજનાર આયોજન સમિતિની ચૂંટણીઓ બાબતે પણ પરામર્શ કરવામાં આવશે. જેમાં વિકાસના કયા પ્રકારના કામોને અગ્રતા આપવી તેમજ લોકોપયોગી વિકાસના કામોની અગ્રતાયાદી પણ તૈયાર કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આ કાર્યશાળામાં પંચાયતી રાજ સાથે સંકળાયેલા નિષ્ણાતોના વિશેષ પ્રવચનો પણ રાખવામાં આવ્યા છે. આમ તો આ કાર્યશાળા ઓગષ્ટના આરંભમાં યોજવાની હતી પરંતુ તે પાછળથી રદ કરાઈ હતી અને હવે ૮/૯ સપ્ટેમ્બરના રોજ યોજાઈ રહી છે.

# વકીલો વિરૂદ્ધના પરસોત્તમ ચીમનાણીના બદનક્ષીભર્યા આક્ષેપો સામે ગાંધીનગર વકીલ મંડળનો સર્વાનુમતે ઠરાવ

ગાંધીનગર, તા.૭

પરસોત્તમ છીણકુમલ ચીમનાણીએ રાયસણની સર્વે નં. ૨૦, ૩૭, ૧૪૯ અને ૨૦૫ વાળી જમીનમાં કરશનદાસ જેઠીદાસ પટેલ જેઓ તા. ૬/૫/૧૯૬૯ના રોજ મૈયત હતાં તેમને જીવતાં કરી તેમના નામનું વીલ બનાવી (૧) છીણકુમલ ગોવિંદદાસ ચીમનાણી, (૨) પરસોત્તમ છીણકુમલ ચીમનાણી, (૩) અશોકકુમાર છીણકુમલ ચીમનાણી, (૪) આસુદોમલ ગોવિંદરામ (૫) પારસરામ સાજનદાસ, (૬) દિપકભાઈ ભુરાભાઈના નામનું બોગસ વીલ ઉભુ કરી કરશનદાસને ફરીથી તા. ૨૯/૧૨/૧૯૯૩ના રોજ મૈયત દર્શાવી વીલની નોંધ નં. ૧૭૦૦થી પડાવી બોગસ ખાતેદાર બનેલા જે નોંધ કલેકટરશ્રી ગાંધીનગરનાએ રીવ્યુમાં લઈ રદ કરવા અને ફરિયાદ દાખલ કરવાનો હુકમ કરેલ ત્યારથી બોગસ ખાતેદારના આધારે અન્ય ખેડૂતોની જમીનો જેમાં કોટેશ્વરના સર્વે નં.૧, ૨૭, ૧૩૫, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૪૬ તથા ભાટના સર્વે નં. ૧૧૩ તથા અન્ય ગામોની જમીનોમાં પણ બાનાખત, પાવર અને કરારો બનાવી મરેલા વ્યક્તિના પાવરનો ઉપયોગ કરી તેના પોતાના નામે રજી. દસ્તાવેજો ઉભા કરવા ગુનાહિત કૃત્ય માટે નીચેની વિગતે ફરિયાદો દાખલ થયેલ છે.(૧) ક્રિ. કેસ નં. ૩૫, ૩૬, ૩૭/૯૭(૨) ક્રિ. કેસ નં.૪૬૫/૯૭, (૩) ક્રિ કેસ નં. ૭૭૯૬/૯૭ (ફ.ગુ.ર.નં. ૧૮૨/૯૭), (૪) ૧૬૧૯/૨૦૦૩, (૫) ક્રિ. કેસ નં. ૬/૦૪, (૬) ક્રિ. કેસ નં. ૩૯૬૪/૦૫, (૭) ફ.ગુ.ર.નં. ૯/૦૮ (એન્ટી કરપ્શન), (૮) ભાટના સર્વે નં. ૧૧૩માં થયેલ ફરિયાદ. (૯) ડો. ત્રિભોવન પટેલમાં થયેલ ફરિયાદ આમ, અસંખ્ય ફરિયાદો પરસોત્તમ છીણકુમલ ચીમનાણી તથા તેમના કુટુંમ્બીજનો ઉપર દાખલ થયેલ છે.

ગરીબ અને અભણ ખેડૂતોની જમીનો પચાવી પાડવા માહિર છે. એક જ પ્રકારનું ‘મોડસ ઓપરેન્ડી’ ગુનાહિત કૃત્યથી વારંવાર કરવા આ વ્યક્તિ ટેવાયેલ છે. ખેડૂતો, અસીલો, સાક્ષીઓ, વકીલો, જજો, અધિકારીઓ વિરૂદ્ધ ખોટા આક્ષેપો અને અરજીઓ કરવા માટે પણ ટેવાયેલ છે.

ગાંધીનગર કોર્ટના એડવોકેટ્સ કરણસિંહ વાઘેલા મેમ્બર ઓફ બાર કાઉન્સીલ અને રાજેન્દ્રસિંહ બી. ખેરની સામે કેટલાક અખબારોમાં બદનક્ષી ભર્યા ખોટા આક્ષેપો અંગે બંને વકીલોના ખુલાસા, પુરાવા બારની તા. ૬/૯/૨૦૧૬ની મીટીંગમાં લઈ કોર્ટના હુકમો જોતા બંને વકીલ ચીમનાણીની સામેના વકીલ છે જેથી તેની વિરૂદ્ધમાં હુકમો થતાં બંને વકીલો વિરૂદ્ધ બદનક્ષીભર્યા ખોટા આક્ષેપો કરેલા છે. તેમજ કોર્ટના અન્ય વકીલોની સામે પણ લીગલી કાર્યવાહીમાં પત્રો દ્વારા ધમકીઓ અને જાસાઓ આપી વકીલોનું મનોબળ તોડવા કાયદો હાથમાં લઈ આવી પ્રવૃત્તિથી ટેવાયેલ છે જેને બાર એસોસીએશને સખત શબ્દોમાં વખોડી કાઢેલ છે અને સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ‘કોર્ટ બર્ડ’ તરીકે જાહેર કરવા યોગ્ય કાર્યવાહી કરેલ છે.

ગાંધીનગર જીલ્લાના તમામ વકીલ મિત્રો, મંડળોની એકતા માટે વકીલોની વિરોધી માનસિકતા ધરાવતાં આવા વ્યક્તિ પરસોત્તમ છીણકુમલ ચીમનાણી, કુબેરનગર, અમદાવાદની સામે કોર્ટમાં બદનક્ષીનો દાવો, ફરિયાદ દાખલ કરવા તથા સીટમાં ‘પાસા’ કરવા ડીસ્ટ્રીક્ટ જજ, કલેક્ટરશ્રી અને ડી. એસ. પી., તમામ અદાલતો, તમામ પોલીસ સ્ટેશનોમાં તથા સરકારી કચેરીઓ અને પ્રેસ મીડીયાને રજૂઆત કરવા અને ઠરાવની નકલ મોકલી આપવા સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવેલ છે.




૧૧મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ
આપના આશિર્વાદથી અમે
સૌ ખૂબ જ સુખી છીએ.
આપ અમારા સ્મરણો માં
સદાય જીવંત છો.
ધામવાસી : જયાબેન કરસનદાસ સોનેરી
ધામગમન : તા. ૦૮-૦૯-૨૦૦૫ (ઋષી પંચમી)
લિ. આપના ઋણી
અશોકકુમાર સોનેરી | નિર્મિતાબેન એમ.પરમાર | ભક્તિબેન જે સુતરીયા
નીરૂબેન એ.સોનેરી | ભારતીબેન ડી. કાપડીયા | શ્રધ્ધાબેન એ. અમીન
“રાજતીલક” પ્લોટ નં. ૮૨૧, સેક્ટર-૬-સી, ગાંધીનગર. ૯૯૯૮૯૦૦૬૬૬/ ૯૪૨૬૬૨૧૦૦૮



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in





શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.


## જાહેર નિવિદા

આથી રસ ધરાવતા વેપારી ભાઈઓને જણાવવાનું કે, કાટવાડ પ્રા.શાળા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠામાં સિન્ટેક્ષના ૫ (પાંચ) ઓરડાની અપસેટ પ્રાઈઝ રૂ. ૯૯૦૦૦/-ના કાટમાળની હરાજી તા. ૧૩/૯/૨૦૧૬ને મંગળવારના રોજ સવારે ૧૨.૦૦ કલાકે કાટવાડ પ્રા. શાળામાં રાખેલ છે તો શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. બોલી મંજુર /નામંજુર કરવાનો અધિકાર આછાર્યશ્રી કાટવાડ પ્રા. શાળાનો રહેશે. તકરાર કે વિવાદ ચાલશે નહીં.

**મુખ્ય શિક્ષક**
**કાટવાડ પ્રા. શાળા**
**તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com